સ્વામિશ્રીજી

# ગુરુભક્તિ દર્શન મહોત્સવ

અનુપમ મિશન

# ભજન

## ગુરુવર્ય પ.પૂ. સાહેબજીના ચરણે...

ગુરુભક્તિ દર્શન મહોત્સવ રૂમઝૂમ રૂમઝૂમ આવ્યો, (૨)
સાહેબજીની ગુરુભક્તિના મહિમાનો લ્યો લ્હાવો... (૨)
સાહેબજી... (૪) યોગીજી... (૪)

સાહેબનો યુવાન સહુના ગુણલા નિશદિન ગાતો,
સુહૃદભાવે સહુને સેવી ધૂન-ભજન એ કરતો... (૨)
સાહેબજીમાં શ્રીજી પ્રગટની શ્રદ્ધા હૃદયે ધરતો,
વ્હાલમની આજ્ઞા-પાલનને ધ્રુવતારક એ ગણતો... (૨)
સાહેબનો યુવાન જીવનમાં, (૨) સંવાદિતા આચરતો...
સાહેબજીની ગુરુભક્તિના મહિમાનો લ્યો લ્હાવો... (૨)
સાહેબજી... (૪) યોગીજી... (૪)

વિદેશની ધરતી પર વ્હાલે પરથમ પગરણ માંડ્યાં,
યુવાહૃદયને શુદ્ધ કરી પ્રભુ-ઉપાસનામાં જોડ્યા... (૨)
યોગીના આદેશે સહુનાં જીવનઘડતર કીધાં,
સંબંધે નિર્દોષ માનીને પ્રભુશરણમાં લીધાં... (૨)
યોગીની ભક્તિનો કેવો, (૨) રંગ ચડ્યો છે પાકો...
સાહેબજીની ગુરુભક્તિના મહિમાનો લ્યો લ્હાવો... (૨)
સાહેબજી... (૪) યોગીજી... (૪)

મુક્ત-અક્ષર-પુરુષોત્તમનાં સ્થાપન વ્હાલે કીધાં,
ઠાકોરજીએ સંકલ્પ સહુના પળમાં પૂરા કીધા... (૨)
ઈંગ્લૅન્ડના ભક્તોએ જેણે સાથ અનેરા દીધા,
અખંડ રાજી થઈને પ્રભુએ સહુને સુખિયા કીધા... (૨)
એ ઉત્સવનાં દર્શન કરતાં, (૨) ઉરમાં આનંદ થાતો...
સાહેબજીની ગુરુભક્તિના મહિમાનો લ્યો લ્હાવો... (૨)
સાહેબજી... (૪) યોગીજી... (૪)

ઠાકોરજીના પાટોત્સવમાં ને વ્હાલમ પ્રાગટ્યે,
સંપ, સુહૃદભાવ, એકતા સંગે શ્રીજીના થઈ રહીએ... (૨)
સાહેબજીની આજ્ઞામાં સહુ જીવન અર્પણ કરીએ,
ગુણગ્રાહકનો મહિમા ગાતાં ભવસાગરને તરીએ... (૨)
ઉપાસનાને દૃઢ કરવાનો, (૨) ઉત્સવ આ ઉજવાતો...
સાહેબજીની ગુરુભક્તિના મહિમાનો લ્યો લ્હાવો... (૨)
સાહેબજી... (૪) યોગીજી... (૪)

ગુરુભક્તિ દર્શન મહોત્સવ રૂમઝૂમ રૂમઝૂમ આવ્યો, (૨)
સાહેબજીની ગુરુભક્તિના મહિમાનો લ્યો લ્હાવો... (૨)
સાહેબજી... (૪) યોગીજી... (૪)
સાહેબજી... (૪) યોગીજી... (૪)